ગાંધીનગર સમાચાર


**ખેડબ્રહ્મા નગર રોજગાર કચેરીની તમામ જગ્યાઓ ખાલી**

## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ મેષ**

**આજના ગ્રહોની કુંડળી**




**ચંદ્ર રાત્રે સાડાચારે વૃષભ રાશિમાં પ્રવેશે છે. આવતીકાલે સવારે છ વાગે શુક્ર ધન રાશિમાં પ્રવેશ કરશે. ચંદ્ર - ગુરુનો આંશિક શુભ માલાયોગ થાય છે. શુક્ર - મંગળ પરિવર્તન યોગમાં ઉચ્ચના થાય છે.**

**મેષ** છ-સાત-આઠ સ્થાનના પાપગ્રહો તંદુરસ્તી માટે લાલબત્તી દેખાડે છે. દસમે સૂર્ય પોતાના ક્ષેત્રોમાં ખૂબ જ પ્રગતિ કરાવે.

**વૃષભ** બાળકોનો અભ્યાસ બગાડે. સંતાનો ચોક્કસ એકાગ્રતાથી પોતાના નિર્ણયોને દ્રઢપણે વળગી નહીં શકે. ભ્રમિત રહેશે. આઠમે વક્રી બુધ તબિયત બગાડે.

**મિથુન** અગિયારમે ચંદ્ર ભાઈ-બહેનોનું સુખ અપાવે. છઠ્ઠે શનિ - શુક્રની યુતિ કૌટુંબિક સુખ અપાવે. સંતાન એકાગ્રતા કેળવવામાં મુશ્કેલી અનુભવે.

**કર્ક** સાતમે શુક્ર પત્નીથી અણબનાવ અને શારીરિક તંદુરસ્તી જોખમાવે. ચોથે મંગળ ગુસ્સો કરાવે - સાથી મિત્રોનો સહકાર ઓછો મળી રહે.

**સિંહ** ચોથે શનિ અઢી વર્ષની પનોતી ચાલુ છે. હનુમાનજી - શનિદેવની ભક્તિ કરવી. દાન પૂણ્ય કરવાં - કુટુંબ સાથે શાંતિથી દિવસ પસાર કરવો.

**કન્યા** વારસાગત મિલકતોના પ્રશ્નોના ઉકેલ આવે. સંતાન સંબંધી ઉકેલ આવે. નોકરી - વેપારમાં નવી તકો મળે જે લાભદાયી નિવડે.

**તુલા** પત્ની સાથેના મતભેદો દૂર થાય - રોમેન્ટીક નાનો પ્રવાસ થાય - લોકપ્રિયતા વધે - યુવા વર્ગને નવી તકો પ્રાપ્ત થાય. ભૌતિક સુખ પ્રાપ્ત થાય.

**વૃશ્ચિક** શુક્ર - ચંદ્રની પ્રતિયુતિ જાતકને ભૌતિક સુખ - સુવિધા વધારે. જમીન - પ્લોટ - મકાનોના પ્રશ્નો હોય તો હલ થઈ જાય - નવી સ્થાવર મિલકતની ખરીદી થાય.

**ધન** આપની આધ્યાત્મિક શક્તિઓનો આજે વિકાસ થવાના યોગો છે - શનિની સાડાસાતી ધનમાં શુક્ર આવવાથી (કાલે આવે છે) હવે ડરપોકપણું ઓછું કરાવશે.

**મકર** રાશિમાં સૂર્ય તેમજ ધનમાં શુક્રના આગમનથી હવે તો સમય સારો જશે - રાજકારણમાં ધંધામાં - નોકરીમાં પ્રમોશન મળવાના યોગો ચાલે છે - વ્યવસ્થિત ચલાશો.

**કુંભ** પરિવારની કૌટુંબિક બાબતોમાં તમો વડપણ લઈને પ્રશ્નો ઉકેલવામાં સક્રિય થશો. આપના હસ્તે નજીકમાં શુભ ધર્મ કાર્ય થવાના યોગો છે - સાવધાની રાખશો.

**મીન** આકસ્મિક ધન લાભના યોગ ઊભા થયેલ છે. જે લાભ મળે તેને સાવચશો તો ભવિષ્યમાં રીઅલ એસ્ટેટ ઊભી કરી શકશો. આવડતથી સ્વબળે આગળ વધશો.







# નેશનલ ક્રાફટ ફેર-૨૦૧૬ને ખુલ્લો મુકતા મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ઈન્ડેક્ષ-સી તથા કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગ આયોજિત જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે નેશનલ ક્રાફટ ફેર ૨૦૧૬ને ખુલ્લો મુકયો હતો અને હાથશાળ હસ્તકલાના જીવંત નિદર્શન કરતા કારીગરોની મુલાકાત લઈ પ્રોત્સાહન પુરુંપાડયું હતું. આ ક્રાફટ ફેરમાં ૫૦૦થી વધુ હસ્તકલા કારીગરો તથા ભારતના ૧૩ રાજયના ૬૦ જેટલા હસ્તકલા કારીગરોના સ્ટેટ પેવેલીયન અને ક્રાફટવિલેજ ઉભા કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ નેશનલ ક્રાફટ ફેરના માટીકલા, હાથશાળ, ભરતકલા જેવા અન્ય વિભાગોની મુલાકાત લઈ કારીગરો સાથે સંવાદ કરી જાત માહિતી મેળવી હતી. ઈન્ડેક્ષ-સી દ્વારા આયોજિત આ સેવામાં રાજયના ૩૩ જિલ્લાના અંતરિયાળ ગામોમાં હસ્તકલા અને હાથશાળની કલાક્ષેત્રે કામ કરતા કારીગરોને સીધું જ માર્કેટીંગ પ્લેટફોર્મ પુરું પાડવામાં આવી રહ્યું છે ત્યારે આ કારીગરોને પ્રધાનમંત્રી મુદ્રા યોજના અંતર્ગત મળતી સહાય અંગે મેળામાં વિવિધ બેંકોના સ્ટોલ પર જઈ બેંકોના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરી હતી. આ મુલાકાત પ્રસંગે નાણામંત્રી શ્રી સૌરભભાઈ પટેલ, સાંસદશ્રી કિરીટભાઈ સોલંકી તથા કમિશનરશ્રી કુટિર અને ગ્રામોદ્યોગ અવની વત્સલા વાસુદેવા ઉપસ્થિત રહ્યા હતા. આ ક્રાફટ મેળો ૨૩મી જાન્યુઆરી ૨૦૧૬ સુધી સવારના ૧૧.૦૦થી રાત્રીના ૯.૦૦ કલાક સુધી લોકો માટે ખુલ્લો રહેશે.

# અરવલ્લીમાં ૫૭૩ પોલિયો બુથ પર જિલ્લાના બાળકોને પોલિયોના બે બુંદ પિવડાવાયા

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા પોલિયો નાબુદી અભિયાન અંતર્ગત ૧૭ જાન્યુઆરી રવિવારના રોજ જિલ્લાના અંદાજે ૧.૩૭ લાખ ૦ થી ૫ વર્ષ સુધીના બાળકોને પોલિયોના બે બુંદ પીવડાવી જિલ્લાને પોલિયો મુક્ત કરવા માટે અભિયાન હાથ ધરાયું હતું. અરવલ્લી જિલ્લા કલેક્ટરે રવિવારે સવારે બહેરા-મૂંગા શાળાના બુથ પર જિલ્લામાં ૫૭૩ બુથો ઉભા કરી ૨૫૦૦ આરોગ્ય વિભાગના કર્મચારીઓને કામે લગાડી ભારે જહેમત ઉઠાવી હતી. જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અમરનાથ વર્માના જણાવ્યા અનુસાર જિલ્લાના ૧.૩૭ લાખ બાળકોને પોલિયોના બે બુંધ પીવડાવી પોલિયો નાબુદી અભિયાનને સંપૂણ સફળ બનાવવામાં સફળતા મળી હતી.

રાષ્ટ્રીય રસીકરણ પોલિયો ઉપસ્થિત રહ્યો હતો.

લાયન્સ ક્લબ ઓફ મોડાસા દ્વારા બહેરા-મુંગા શાળાના બુથ પર બાળકોને પોલિયોના બે બુંદ પીવડાવી આજુબાજુના રહેણાંક વિસ્તારોમાં પોલિયો અંતર્ગત જાગૃતિ ફેલાવી ૦ થી ૫ વર્ષના બાળકોને માતા-પિતા સાથે બુથ પર પોલિયોના બે ટીપા પીવડાવવા સમજણ આપવામાં આવી હતી. જેમાં લાયન્સ ક્લબના ઝેડ.સી.એફ. પ્રવિણ પરમાર લાયન્સ



પહોંચી બાળકોને બે બુંદ પિવડાવી પોલિયો રવિવાર અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો.

અરવલ્લી જિલ્લામાં રાષ્ટ્રીય પોલિયો રસીકરણ અભિયાન હેઠળ ૧૭ જાન્યુઆરી-૨૦૧૬ના રોજ પોલિયો રવિવારના દિવસે જિલ્લાના અંદાજે ૧.૩૭ લાખ ૯ થી ૫ વર્ષ સુધીના બાળકોને રસીકરણ કરવા માટે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા અભિયાનનો પ્રારંભ અરવલ્લી જિલ્લા કલેકટર એસ. છાકછુઆક દ્વારા મોડાસાની લાયન્સ ક્લબ સોસાયટી સંચાલિત બહેરા મુંગા શાળાના બુથ પર બાળકોને પોલિયોના બે ટીપા પીવડાવી પોલિયો રસીકરણ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રારંભિક કાર્યક્રમમાં મોડાસા બ્લોક હેલ્થ અધિકારી ડૉ. યજ્ઞેન નાયક અને આરોગ્ય વિભાગના સ્ટાફ ક્લબ ઓફ મોડાસાના પ્રમુખ સુરેશ પટેલ તેમજ લાયન્સ ક્લબ ઓફ મોડાસાના સદસ્યો હાજર રહ્યા હતા.

જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લામાં ૧૫ જેટલા ટ્રાન્ઝીસ્ટબુથ જાહેર સ્થળો ઉભા કરી સોમવારે અને મંગળવારે આરોગ્ય સ્ટાફ દ્વારા જિલ્લાના દરેક વિસ્તારોમાં ઘરે રૂબરૂ મુલાકાત લઈ રહી ગયેલા બાળકોને પોલિયોના બે બુંદ પીવડાવવામાં આવશે.

# ખેડબ્રહ્મા નગર રોજગાર કચેરીની તમામ જગ્યાઓ ખાલી

ખેડબ્રહ્મા, તા. ૧૭

ખેડબ્રહ્મા નગર રોજગાર કચેરીની રોજગાર અધિકારી સહીતની તમામ પાંચે પાંચ જગ્યાઓ ખાલી હોવાથી સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા-પોશીના અને વિજયનગર તાલુકાના આદિવાસી બેરોજગાર યુવક-યુવતીઓને ધરમધક્કા થતાં બેરોજગારોના નાણાં અને સમયનો વ્યય થતા બેરોજગારો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. અને રોષ ફેલાવા પામ્યો છે. નગર રોજગાર કચેરીની ખાલી જગ્યાઓ ભરવા બુમ ઉઠવા પામી છે.

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીના તાલુકાના બેરોજગાર યુવક-યુવતી માટે નામ નોંધણીથી રોજગાર અંગેની તમામ કામગીરી માટે અને માર્ગદર્શન માટે સેવાસદન ખેડબ્રહ્મામાં અદ્યતન કચેરી ફાળવવામાં આવી છે. પણ આ કચેરીની ખુરશીઓ ખાલી જ જોવા મળે છે. કારણ કે આ ખુરશીઓમાં બેસવાવાળુ કોઈ નથી. આ કચેરીમાં રોજગાર અધિકારી (વર્ગ-૨) બે સિનીયર ક્લાર્ક, એક જુનીયર ક્લાર્ક તથા એક પટાવાળા સહીત પાંચનું મહેકમ ફાળવવામાં આવ્યું છે. પણ આ તમામ જગ્યા ઘણા લાંબા સમયથી ખાલી છે. આ કચેરીની વ્યવસ્થા માટે હિંમતનગર રોજગાર કચેરીમાંથી અધિકારીને મુકવામાં આવ્યા છે. પણ તેમની પાસે બે કચેરીઓની કામગીરી હોવાથી તેઓ ખેડબ્રહ્મા ખાતેની કચેરીમાં સમય જાળવી શકતા નથી. જેથી બંને કચેરીના કામકાજ ઉપર અસર પડે છે. ખેડબ્રહ્મા વિજયનગર અને પોશીના તાલુકાના બેરોજગાર આદિવાસી યુવક-યુવતી નામ નોંધણી, નોંધણી રીન્યુ, નામ ટ્રાન્સફર, નોકરીની માંગણી આવતાં ભલામણપત્ર તથા વ્યવસાય અંગેના માર્ગદર્શન માટે ધક્કા ખાવા પડે છે. અને બેરજોગારોના સમય અને નાણાંનો વ્યય થાય છે.

**પોશીના-વિજયનગર અને ખેડબ્રહ્માના બેરોજગાર આદિવાસી યુવક યુવતીઓને ધરમ ધક્કા**

બેરોજગારોને રોજગારીની વાત તો દૂર રહી પણ જવાબ આપવા માટે નગર રોજગાર કચેરીમાં પટાવાળો પણ હાજર નથી. તેથી ધક્કા ખાતા બેરોજગારોમાં રોષ ફેલાયો છે. નગર રોજગાર કચેરીની તમામ જગ્યાઓ સત્વરે ભરવા ખેડબ્રહ્મા-વિજયનગર અને પોશીના તાલુકાના આદિવાસી બેરોજગારોમાં માંગ ઉઠવા પામી છે.

આ અંગે નિયામક અને રોજગાર-તાલીમ કચેરી ગાંધીનગરના અધિક નિયામક આર.કે. પટેલે જણાવ્યું હતું કે ખેડબ્રહ્મા નગર રોજગાર કચેરીની ખાલી જગ્યાઓ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને તાત્કાલિક જગ્યાઓ ભરવામાં આવશે.

# આગામી એશિયન ગેમ્સમાં ગુજરાતના ખેલાડીઓને કમસે કમ ત્રણ મેડલ જીતી લાવવા આહ્‌વાન

ગાંધીનગર, તા. ૧૭

તા. ૧૮ જાન્યુઆરી ૨૦૧૬થી ખેલકૂદના રાજયવ્યાપી મહોત્સવ ખેલ મહાકુંભનો પ્રારંભ થઈ રહ્યો છે તે અવસરે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે પોતાના બ્લોગમાં ગુજરાતના રમતવીરોને ખેલકૂદ ક્ષેત્રે અવ્વલ સ્થાન મેળવીને વર્ષ ૨૦૧૮માં યોજાનાર એશિયન ગેમ્સમાં દેશ માટે કમસે કમ ત્રણ મેડલ જીતી લાવવા આહવાન કર્યું છે. તેઓએ તેમના બ્લોગમાં જણાવ્યું છે કે શું તમે હરમિત દેસાઈ, અંકિતા રૈના, માના પટેલ અને અંકિત રાજપરાનું નામ સાંભળ્યું છે ? આ એવા પ્રતિભાશાળી ખેલાડીઓ છે જેમણે નાની ઉંમરે વિવિધ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય ખેલ સ્પર્ધાઓમાં મેડલ જીતીને ગુજરાતને ગૌરવ અપાવ્યું છે.

મિત્રો, ગુજાતીઓની છાપ વેપારીઓ તરીકેની છે અને એમ મનાય છે કે આ ‘દાળભાત ખાનારા લોકો’નું ખેલકૂદમાં ગજુ નહિ. અને વાત સાવ ખોડી નથી. આપણા સમાજમાં સાચે જ ખેલકૂદ અને ફીટનેસ પ્રત્યે ઘણી ઉદાસીનતા છે. જોકે, સ્થિતિ હવે ધીમે ધીમે બદલાઈ રહી છે. ગુજરાતના ખેલાડીઓ સ્વીમિંગ, શૂટિંગ, ટેનિસ, ટેબલટેનિસ, ચેસ સહિતની રમતોમાં રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઝળકી રહ્યા છે. રાજયમાં ખેલકૂદની સંસ્કૃતિનું નિર્માણ કરવાના આશયથી છેલ્લા બારેક વર્ષમાં રાજ્ય સરકારે દૂરંદેશી આયોજન કરીને વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો શરૂ કર્યા છે, તેનો આ બદલાવ પાછળ મોટો ફાળો છે.

આવા જ એક અત્યંત મહત્વકાંક્ષી કાર્યક્રમ ખેલ મહાકુંભનો આવતીકાલથી રાજ્યભરમાં પ્રારંભ થઈ રહ્યો છે. ખેલ મહાકુંભમાં આ વખતે દરેક વયજૂથના ૪૦ લાખ જેટલા લોકોએ ભાગ લીધો છે. શારીરિક રીતે પૂર્ણ સક્ષમ ન હોય તેવા ‘દિવ્યાંગ’ ખેલાડીઓને પણ આપણે આમાં આવરી લીધા છે. તીરંદાજી, અશ્વારોહણ, ખો-ખો, રસ્સાખેંચ, બાસ્કેટબોલ, ફૂટબોલ, સ્વીમિંગ સહિતની કુલ ૨૭ રમતોમાં એક મહિના સુધી રાજ્યવ્યાપી સ્પર્ધાઓ થવાની છે, જેમાં રૂપિયા ૪૩ કરોડના ઈનામોનું વિતરણ થવાનું છે.

ખેલ મહાકુંભ એ માત્ર કોઈ રમતસ્પર્ધા નથી. આપણાં બાળકો ભારતમાતાની માટીમાં આળોટે, હસે-ખેલે, પડે, અથડાય, પસીનો વહાવે... અને એમ કરતાં તેમના શરીર ખડતલ બને, અને ખેલકૂદની સંસ્કૃતિ ગુજરાતીઓની રગેરગમાં વસી જાય તેવી દીર્ઘદષ્ટિ આની પાછળ રહેલી છે.

# સલાલમાં કપડાની દુકાનમાં આગ લાગતા ૧૨ લાખનું નુકસાન

પ્રાંતિજ, તા.૧૭

પ્રાંતિજ તાલુકાના સલાલ ખાતે રાત્રીના સમયે શોર્ટ સર્કીટના કારણે એક રેડીમેક કપડાંની દુકાનમાં આગ લાગતા દુકાનમાં રહેલ બધો માલ સામાન બળીને ખાખ થઈ ગયો હતો.

પ્રાંતિજના સલાલ માર્કેટ યાર્ડ પાસે આવેલ પટેલ એન્ડ કંપની રેડીમેડની દુકાનમાં રાત્રીના ૧.૩૦ કલાકે શોર્ટ સર્કીટના કારણે દુકાનમાં આગ લાગતા દુકાનમાં રહેલા રેડીમેડ કપડાં, તથા બુટચંપલ સહિતની વસ્તુઓ સહિત દુકાનનું ફર્નીચર બળીને ખાખ થઈ ગયું હતું. આગને લીધે દુકાન માલિકને કુલ ૧૨ લાખનું નુકસાન થતાં પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં દુકાન માલિક બહાદુરસિંહ કાળુસિંહ રાઠોડ દ્વારા પોલીસ ફરિયાદ કરતાં પ્રાંતિજ પોલીસે ઘટના સ્થળે જઈને આગળની તપાસ હાથ ધરી હતી.

# પાલનપુરમાં આજે પ્રદુષણ અટકાવવા સાયકલ રેલીનું આયોજન

પાલનપુર, તા.૧૭

ભારત દેશમાં પ્રદુષણનો પ્રશ્ન ખુબ જ જટિલ બની ગયો છે ત્યારે આજે પાલનપુર શહેરમાં પર્યાવરણની જાળવણી માટેની સાયકલીંગ રેલી યોજાઈ હતી. સાયકલ ચાલવાના ખુબ જ ફાયદા છે તેવો સંદેશો આ રેલી દ્વારા વ્યકત કરવામાં આવ્યો હતો. પાલનપુરના જી.ડી. મોદી કોલેજથી સાયકલીંગ રેલી આરંભાઈ હતી જે શહેરના જુદા જુદા માર્ગો પર ફરી ઝહાનઆરા બાગ પહોંચી હતી જયાં લોકોને ધંધા રોજગાર પર સાયકલ લઈ જવાના શપથ લેવડાવ્યા હતા.

## અતીતની આજ ● ૪ પાનાનું ચાલુ...

નથી. એમને કોઈ મુસ્લિમ ગણાવે તો તસલીમા છળી ઊઠે છે. એ ગોમાંસ આરોગવામાં પણ ગર્વ અનુભવે છે.

સામે પક્ષે કરાંચીમાં અસલામતી અનુભવાતાં ત્યાં લાખો રૂપિયાની ડૉક્ટરીની પ્રેક્ટિસ કરનારા હિંદુ તબીબ અમદાવાદમાં આવીને વસે છે અને કાપડની દુકાનમાં મહિને પચીસ હજાર રૂપિયાની નોકરી કરવી પડતી હોવાની ફરિયાદ કરે છે. કેટલાક હિંદુ પરિવારો પાકિસ્તાનથી આવી દિલ્હી આસપાસ ઝૂંપડપટ્ટીમાં કે તંબુમાં અગવડ વચ્ચે રહે છે અને ભારતની ભાજપ સરકાર કે હિંદુ નેતા એમની ચિંતા નહીં કરતાં પાકિસ્તાન પર જવાની ઘોષણા કરે છે, જાણે કે ભારત પર ઉપકાર કરવા માટે એમની અહીં પધરામણી થઈ ના હોય! સામે પક્ષે પાકિસ્તાન હિંદુ કાઉન્સિલના દીપાવલી ઉત્સવ માટે ખાસ કરાંચી જઈને વડાપ્રધાન નવાઝ શરીફ હિંદુ સહિતની લઘુમતીઓને સુરક્ષાની ખાતરી આપે છે. પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના બિલાવલ ભુટ્ટો અને તેહરીક-એ-પાકિસ્તાનના ઈમરાન ખાન પણ હિંદુ દીપોત્સવી ઉત્સવમાં સામેલ થઈને તેમના હમદર્દ દેખાવાની કોશિશ કરે છે. રાજનેતા બધે રંગ બદલતા કાચીડાં જેવા હોય છે.

# શામળાજી પોલીસ સ્ટેશનના ૧૨ કર્મચારીઓની તાત્કાલિક બદલી કરાઈ

## ૬૦ હજારનો દારૂ વેચનાર બે પોલીસકર્મીઓ સસ્પેન્ડ

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ શામળાજી પોલીસ સ્ટેશનના ૧૩ કર્મચારીઓની તાત્કાલિક અસરથી જિલ્લા પોલીસ વડાએ તાત્કાલીક અસરથી અન્ય પોલીસ સ્ટેશનમાં બદલી કરવામાં આવતા પોલીસબેડામાં હડકંપ મચવાની સાથે તરહ-તરહની ચર્ચાએ જોર પકડ્યું છે. બુધવારે વહેલી સવારે રતનપુર પોલીસ ચોકી પાસેથી નાકાબંધી કરી વર્ના કારમાં લવાતો ૧.૬૩ લાખનો દારૂ ઝડપી પાડ્યો હતો ત્યારે શામળાજી પોલીસ મથકના બે કર્મચારીઓએ ૬૦ હજારનો વિદેશી દારૂ રાજસ્થાનમાં જઈ બારોબાર વેચી મારતા આ અંગે જિલ્લા પોલીસ વડાને ધ્યાન પર આવતા બન્ને પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા.

શામળાજી પોલીસ સ્ટેશનની હદમાં આવતા આંતર-રાજ્ય સરહદ રતનપુર ચેકપોસ્ટ પરથઈ ગેરકાયદેસર વિદેશી દારૂને મોટાપાયે ગુજરાતમાં ઘુસાડવા બુટલેગરો માટે જાણીતી છે તેમજ આ સરહદ પરથી અનેક ગેરકાયદેસર પ્રવૃત્તિઓ આચરવા માટે બુટેલગરો સતત પ્રયત્નસીલ રહે છે. અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા પોલીસતંત્રમાં શામળાજી પોલીસ સ્ટેશન કર્મચારીઓ માટે હોટ ફેવરેટ ગણવામાં આવે છે. તદ્‌ઉપરાંત શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવવા લોબીંગ અને રાજકીય વગનો પણ ઉપયોગ કરવામાં આવતો હોવાનું આધારભૂત સુત્રો દ્વારા જાણવા મળ્યું હતું. બુધવારે વહેલી સવારે રાજસ્થાન તરફથી આવી રહેલી વર્ના કારમાંથી ૧.૬૩ લાખનો વિદેશી દારૂ પકડી શામળાજી પોલીસ મથકના બે પોલીસ ધર્મેશભાઈ પ્રેમજીભાઈ અને ધર્મેશભાઈ મણીલાલ નામના કર્મચારીઓએ રાજસ્થાનમાં જઈ ૧૦ પેટી દારૂની કિંમત રૂ. ૬૦ હજારનો જથ્થો બારોબાર સગેવગે કરવાની ઘટનાથી પોલીસતંત્રમાં હડકંપ મચી હતી અને આ અંગે શામળાજી પોલીસે બન્ને કર્મચારીઓ સામે ગુનો નોંધી ધરપકડ કરી હતી. દરમિયાન શનિવારે જિલ્લા પોલીસવડા દ્વારા બન્ને કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. ત્યારે રવિવારે જિલ્લા પોલીસવડા દ્વારા તાત્કાલિક અસરથી ૧૩ કર્મચારીઓની બદલ જિલ્લાના અન્ય પોલીસ સ્ટેશનમાં કરી દેવામાં આવતા જિલ્લા પોલીસતંત્રમાં તરેહ-તરહેની ચર્ચા થઈ રહી છે.

### બદલી કરાયેલા પોલીસકર્મીઓ

અશોકભાઈ ભરતભાઈ (એ.એસ.આઈ.), સુરેશભાઈ થાવરાભાઈ (હેડ કોન્સ્ટેબલ), કિર્તીભાઈ અળખાભાઈ (પોલીસ કોન્સ્ટેબલ), નાનજીભાઈ રૂપસીભાઈ (પો.કો.), મુકેશભાઈ જોયતારામ (પો.કો.), પ્રવીણભાઈ હેમતાભાઈ (પો.કો.), ગુણવંતભાઈ લેંબાભાઈ (પો.કો.), કલ્પેશકુમાર નેમાભાઈ (પો.કો.), જીગ્નેશકુમાર ઈશ્વરભાઈ (પો.કો.), કિર્તીકુમાર રેવાભાઈ (પો.કો.), કલ્પેશકુમાર ઈશ્વરભાઈ (પો.કો.), અશોકભાઈ ભીખાભાઈ (પો.કો.), શનાભાઈ રામાભાઈ (પો.કો.)

## શ્રેણી ગુમાવી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈશાંત શર્માએ પણ વિકેટ ઝડપી હતી. જો કે, ભારતીય બોલરો ઓસ્ટ્રેલિયાના બેટ્‌સમેનોને રોકવામાં સફળ રહ્યા ન હતા. આજે સવારે ઓસ્ટ્રેલિયા ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ભારતીય ટીમમાં આર ધવન અને ગુરકિરતસિંહની એન્ટ્રી થઈ હતી. ગુરકિરતસિંહે બોલિંગમાં પણ કોઈ ખાસ કમાલ કર્યો ન હતો અને બેટિંગમાં પણ ફલોપ રહ્યો હતો. મેક્સવેલની મેન ઓફ દ મેચ તરીકે પસંદગી કરવામાં આવી હતી. હાર હાર અને ફરી હારના કારણે ભારતે આ શ્રેણી ગુમાવી દીધી હતી. સાથે સાથે ઓસ્ટ્રેલિયાના મેદાન પર ઈજ્જત પણ ગુમાવી હતી. હવે બે વનડે મેચો હોવાથી માત્ર ઔપચારિકતા રહી છે. જો કે, ઓસ્ટ્રેલિયાના ફોર્મને જોતા હવે ભારત ૫-૦થી શ્રેણી ન ગુમાવે તેને લઈને ક્રિકેટ ચાહકોમાં ચર્ચા છે. ભારતીયો બોલરોના ફલોપ શોના કારણે ક્રિકેટ ચાહકોમાં ફરી નિરાશા ફેલાઈ ગઈ હતી.

## નબળી કામગીરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દહેગામમાં ૨૨,૪૧૯, ગાંધીનગરમાં ૧૭,૧૯૦, કલોલમાં ૯૯૧૦ અને માણસામાં ૯૪૨૧ મકાનોમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ નથી.

આમ ૨૦૧૨ અને ૨૦૧૫ વચ્ચે માત્ર ૨૯,૮૨૮ મકાનોમાં જ શૌચાલયની સુવિધા ઉભી કરવામાં તંત્ર સફળ રહ્યુ છે. દર વર્ષે ૯૯૪૨ શૌચાલયોનું નિર્માણ થઈ શક્યુ છે. મળતી વિગતો પ્રમાણે ગ્રાન્ટની અનિયમિત ચુકવણી, ગ્રામ્ય વિસ્તારમાં લોકોનું ઉદાસીન વલણ તેમજ આ માટેના બિલો રજુ થયા પછી પણ મોડુ ચુકવણુ થતુ હોવાના કારણો બહાર આવી રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા શૌચાલય નિર્માણ માટે સહાય આપવામાં આવે છે. જો કે તંત્રની આંટીઘૂટીમાં કામો અટવાઈ જતા હોવાની વાતો પણ બહાર આવી રહી છે.

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ૨૦૧૭ સુધીમાં દરેક ઘરને શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરાવવાની વાત કાગળ પર જ રહી જવા પામી છે. જો આ ગતિએ કામ ચાલશે તો જિલ્લામાં ૨૦૨૦ સુધીમાં આ કામગીરી સંપન્ન થઈ શકે તેવુ લાગે છે. જિલ્લામાં ૨૦મીથી શરૂ થઈ રહેલા ગ્રામસભા અભિયાનમાં હવે આ મુદ્દા પર પણ વિશેષ ભાર મુકવામાં આવનાર છે. આ બાબતે કામગીરીમાં ગતિ આવે તે માટે તંત્ર પણ હવે નવા-નવા નુસખા અપનાવવા મજબુર બન્યુ છે. પહેલા શૌચાલય માટે એક શોષ ખાડાની વાત હતી હવે બે ખાડા બનાવવાની વાતને કારણે મજૂરી વધુ ચુકવવી પડતી હોવાનું બહાનુ રજુ કરી લોકો ઉદાસીનતા દાખવી રહ્યાની વાત પણ ચર્ચાઈ રહી છે.